For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

**લોકોમાં ભારે ફફડાટ વ્યાપ્યો** | ક્રૂડ ઓઈલના પુરવઠામાં વિલંબ થતા ખાનગી ઓઈલ કંપનીઓના પંપો ખાલીખમ થયાં | **10,000KL**થી વધુ પેટ્રોલનો જથ્થો હોવા છતાં ગભરાટ ફેલાતા સર્જાઈ અફરાતફરી | લાંબી કતારમાં આગળ-પાછળને લઈને બોલાચાલીથી વાત ઉગ્ર બની

# પેટ્રોલપંપો પર અરાજકતા, નગરજનો ભટક્યા

## તંત્ર ઊંઘતું રહ્યું ને સંગ્રહખોરો બેફામ: વડોદરામાં અછતના ડરે પ્લાસ્ટિકના ડબ્બાઓમાં પેટ્રોલ ભરવાની હોડ જામી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

મિડલ ઈસ્ટમાં વધી રહેલા યુદ્ધના તણાવની સીધી અને માઠી અસર હવે સંસ્કારી નગરી વડોદરાના પેટ્રોલ પંપો પર જોવા મળી રહી છે. છેલ્લા 24 કલાકથી શહેરમાં પેટ્રોલ અને ડીઝલના પુરવઠામાં વિક્ષેપ પડતા અનેક ખાનગી કંપનીઓના પેટ્રોલ પંપો 'ડ્રાય' થઈ ગયા છે, જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ઈરાન અને અન્ય દેશો વચ્ચે સર્જાયેલી અશાંતિને કારણે ક્રૂડ ઓઈલના પરિવહન અને સપ્લાય ચેન પર ગંભીર અસર પડી છે. વડોદરામાં નાયરા જેવી ખાનગી કંપનીઓના પેટ્રોલ પંપો પર ઈંધણનો જથ્થો ખૂટી પડતા વાહનચાલકોને નિરાશ થઈને પરત ફરવું પડી રહ્યું છે. કેટલાક કિસ્સાઓમાં તો પેટ્રોલ પંપ સુધી પહોંચ્યા બાદ ઈંધણ ન મળતા વાહનચાલકોને પોતાના બાઈક ધક્કા મારીને લઈ જવાની નોબત આવી છે. શહેરમાં આગામી દિવસોમાં પેટ્રોલ મળશે જ નહીં તેવી અફવાઓ ફેલાતા લોકોમાં ગભરાટ જોવા મળ્યો છે. આ અફવાઓને પગલે 'ગભરાટમાં ખરીદી' શરૂ થઈ ગઈ છે, જેમાં લોકો જરૂરિયાત કરતા વધુ ઈંધણનો સંગ્રહ કરવા માટે પંપો પર ઉમટી પડ્યા છે. સરકારી ઓઈલ કંપનીઓના પંપો પર હાલ પુરવઠો નિયમિત છે, પરંતુ ત્યાં પણ વાહનોની લાંબી કતારો જોવા મળી રહી છે, જેના કારણે લોકોને કલાકો સુધી રાહ જોવી પડી રહી છે. એક પરેશાન વાહનચાલકે જણાવ્યું હતું કે, "પેટ્રોલ પુરાવવા આવ્યા હતા પણ અહીં સ્ટોક નથી. હવે આગળના પંપ સુધી વાહન ધક્કા મારીને લઈ જવું પડશે. જો ત્યાં પણ નહીં મળે તો ચાલતા જવાનો વારો આવશે". અન્ય એક નાગરિકે ઈરાન-અમેરિકા વચ્ચેના તણાવને આ સ્થિતિ માટે જવાબદાર ગણાવ્યો હતો. પેટ્રોલ પંપ સંચાલકોના મતે જો જથ્થો સમયસર નહીં પહોંચે તો સ્થિતિ વધુ વણસી શકે છે. જોકે, વહીવટી તંત્ર અને ઓઈલ કંપનીઓ સ્થિતિને થાળે પાડવા પ્રયાસ કરી રહી છે. નાગરિકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ અફવાઓથી દૂર રહે અને બિનજરૂરી ઈંધણનો સંગ્રહ ન કરે જેથી કુત્રિમ અછત ઉભી ન થાય.

**જો જથ્થો સમયસર નહીં પહોંચે તો સ્થિતિ વધુ વણસી શકે છે**

**ઓઈલ કંપનીઓ સ્થિતિને થાળે પાડવા કામે લાગી ગઈ**



માંજલપુર સરસ્વતી પેટ્રોલ પંપ



ગોત્રી નાયરા પેટ્રોલપંપ બંધ



વોર્ડ-11ની ઓફિસ પાસે બંધ પેટ્રોલપંપ



માંજલપુર ઈવા મોલ પાસે નાયરાનો બંધ પેટ્રોલપંપ

### ગોત્રીના 'માં' પેટ્રોલ પંપને નોટિસ ફટકારાઈ

વડોદરા શહેરમાં છેલ્લા 24 કલાકથી પેટ્રોલ અને ડીઝલની અછતને લઈને સર્જાયેલી અફરાતફરી અને અફવાઓના માહોલ વચ્ચે જિલ્લા પુરવઠા વિભાગ હરકતમાં આવ્યું છે. સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો દ્વારા ફેલાયેલી અછતની અફવાને પગલે પેટ્રોલ પંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી, જેના કારણે તંત્રએ તાત્કાલિક મેદાનમાં ઉતરવાની ફરજ પડી હતી. જિલ્લા પુરવઠા અધિકારી ગીતા દેસાઈએ સત્તાવાર નિવેદન જારી કરીને સ્પષ્ટતા કરી છે કે શહેરમાં ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે અને નાગરિકોએ ખોટા ગભરાટ માં આવવાની જરૂર નથી.ગોત્રી વિસ્તારમાં આવેલા 'માં' પેટ્રોલિયમ પંપ પર સુરક્ષાના નિયમોનું ઉલ્લંઘન કરી છૂટક રીતે પેટ્રોલ વેચવામાં આવતું હોવાનું તંત્રના ધ્યાન પર આવ્યું હતું. સુરક્ષાના નિયમોનો ભંગ કરવા બદલ 'માં' પેટ્રોલિયમ પંપના સંચાલક વિજયભાઈને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. અધિકારીએ કડક શબ્દોમાં ચેતવણી આપી છે કે જો કોઈ પણ પંપ સંચાલક લૂઝ પેટ્રોલ વેચશે અથવા સુરક્ષાના નિયમો સાથે ચેડાં કરશે તો તે પંપને તાત્કાલિક અસરથી સીલ કરાશે.

**લૂઝ પેટ્રોલ વેચનારા પંપો સીલ કરવાની પુરવઠા અધિકારીની કડક ચેતવણી**

### ફતેગંજ પંપ પર લાઈનવાહનચાલકો વચ્ચે મારામારી

**I** શહેરમાં પેટ્રોલ માટે લાગેલી લાંબી લાઈનો વચ્ચે ફતેગંજ વિસ્તારમાં આવેલા એક પેટ્રોલ પંપ પર બે વાહનચાલકો વચ્ચે બોલાચાલી વધતા મામલો હાથાપાઈ સુધી પહોંચ્યો હતો. જાહેરમાં થયેલી આ મારામારીના કારણે સ્થળ પર અફરાતફરી જેવી સ્થિતિ સર્જાઈ હતી અને આસપાસ ઉભેલા અન્ય વાહનચાલકોમાં ગભરાટ ફેલાયો હતો.માહિતી મુજબ, પેટ્રોલ લેવા માટે લાંબા સમયથી લાઈનમાં ઉભેલા વાહનચાલકો વચ્ચે આગળ-પાછળ જવાની બાબતે પહેલા ઉગ્ર બોલાચાલી થઈ હતી. થોડા જ સમયમાં વાત એટલી વધી ગઈ કે બંને વાહનચાલકો જાહેરમાં ધક્કામુક્કી અને મારામારી પર ઉતરી આવ્યા હતા. સ્થળ પર હાજર લોકોએ વચ્ચે પડી બંનેને છૂટા પાડ્યા હતા. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે.ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક સમયથી શહેરના અનેક પેટ્રોલ પંપ પર ઈંધણ માટે ભારે ભીડ જોવા મળી રહી છે, જેના કારણે આવી તણાવભરી ઘટનાઓ સામે આવી રહી છે.

### શું તંત્ર નિયમ ભંગ કરનાર પંપ સંચાલકોના લાયસન્સ રદ્દ કરશે?

વડોદરા શહેરમાં છેલ્લા કેટલાક સમયથી પેટ્રોલ અને ડીઝલની અછત સર્જાશે તેવી અફવાઓએ જોર પકડ્યું છે. મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા તણાવના કારણે પુરવઠો ખોરવાશે તેવા ડર વચ્ચે લોકોમાં ફફડાટ ફેલાયો છે. આ સ્થિતિનો ગેરલાભ ઉઠાવીને કેટલાક લેભાગુ તત્વો અને સંગ્રહખોરો મેદાનમાં આવ્યા છે. શહેરના ગોત્રી વિસ્તારના એક પેટ્રોલ પંપ પરથી એક ચોંકાવનારો વીડિયો સામે આવ્યો છે, જેમાં સુરક્ષાના તમામ નિયમોને નેવે મૂકીને ખુલ્લેઆમ પ્લાસ્ટિકના કેન અને પીપમાં ઈંધણ ભરવામાં આવી રહ્યું છે.સરકારી નિયમો મુજબ, પેટ્રોલ પંપ પર પ્લાસ્ટિકના ડબ્બા, બોટલ કે ખુલ્લા વાસણોમાં પેટ્રોલ આપવા પર સખત પ્રતિબંધ છે. પેટ્રોલ અત્યંત જ્વલનશીલ પદાર્થ હોવાથી સામાન્ય ઘર્ષણ કે તણખલાથી પણ ભીષણ આગ લાગી શકે છે. આ પ્રકારનું જોખમી ઈંધણ જ્યારે રહેણાંક વિસ્તારોમાં સંગ્રહિત કરવામાં આવે છે, ત્યારે મોટી હોનારત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.

### વડોદરામાં પેટ્રોલની અછતની અફવાએ મચાવી દોડધામ

શહેરમાં છેલ્લા બે દિવસથી પેટ્રોલ અને ડીઝલની અછત હોવાની ફેલાયેલી અફવાને પગલે વાહનચાલકોમાં ભારે ફાળ ફેલાઈ છે. વડોદરાના બહુચરાજી મંદિર પાસે આવેલા ભારત પેટ્રોલિયમના પંપ સહિત શહેરના અનેક વિસ્તારોમાં પેટ્રોલ ભરાવવા માટે વાહનોની લાંબી લાઈનો જોવા મળી રહી છે. પરિસ્થિતિને થાળે પાડવા અને સુરક્ષાના કારણોસર પંપ સંચાલકોએ હવે છૂટક રીતે બોટલ કે કારબામાં પેટ્રોલ આપવાનું બંધ કરી દીધું છે. સોશિયલ મીડિયા અને અન્ય માધ્યમો પર ફેલાયેલી અફવાઓને કારણે લોકોમાં એવો ડર પેસી ગયો છે કે આગામી દિવસોમાં ઇંધણનો પુરવઠો ખોરવાઈ જશે. આ ડરને લીધે જેમને જરૂર નથી તેવા લોકો પણ ટાંકી ફૂલ કરાવવા માટે પંપ પર પહોંચી રહ્યા છે. ફિલ્ડ વર્ક કરતા કર્મચારીઓ અને નોકરી-ધંધે જતા લોકો જેમને ખરેખર ઇંધણની તાતી જરૂર છે, તેઓએ કલાકો સુધી કતારમાં ઊભા રહેવું પડી રહ્યું છે, જેના કારણે જનજીવન પર અસર પડી રહી છે.

### પેટ્રોલ છે ના સરકારી દાવા પોકળ ? પંપો પર નો-સ્ટોકના બોર્ડ અને લાંબી કતારો

વડોદરા અત્યારે 'સંકટ નગરી' બની ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા છે. એકબાજુ સરકાર અને વહીવટી તંત્ર ગળું ફાડીને કહી રહ્યું છે કે "ગભરાશો નહીં, પેટ્રોલનો પૂરતો જથ્થો છે", તો બીજી બાજુ શહેરના ખૂણે-ખૂણે પેટ્રોલ પંપો પર વહેલી સવારથી જ લાંબી કતારો દ્રશ્યમાન થઈ રહી છે. સવાલ એ છે કે જો જથ્થો પૂરતો છે, તો પછી પંપો પર 'સ્ટોક નથી' ના બોર્ડ કોના ઈશારે લાગી રહ્યા છે ? શું આ કૃત્રિમ અછત ઊભી કરવાનું કોઈ સુનિયોજિત કાવતરું છે ? ગઈકાલ જેવી જ ભયાનક સ્થિતિ આજે સવારથી જ જોવા મળી રહી છે. ફતેપુરા ઇન્ડિયન ઓઈલના પેટ્રોલ પંપ ખાતે પેટ્રોલનો જથ્થો ન હોવાને કારણે પેટ્રોલનું વેચાણ બંધ કરવામાં આવ્યું છે. બીજી તરફ કારેલીબાગ ઉત્કર્ષ પેટ્રોલ પંપ ખાતે પણ પેટ્રોલનો જથ્થો ન હોવાને કારણે વેચાણ બંધ કરવામાં આવ્યું છે. તંત્રના દાવા અને જમીની હકીકત વચ્ચેનો આ 'કોમ્યુનિકેશન ગેપ' જનતાના રોષને બમણો કરી રહ્યો છે.

ઉભા પાકને નુકસાન થવાની ભીતિ

## ગરમીના પ્રમાણમાં વધારો, તાપમાન 37 ડિગ્રીએ પહોંચ્યું

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

વડોદરા શહેરમાં મંગળવારે મહત્તમ તાપમાન 37 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 21.8 ડિગ્રી સાથે સવારે હવામાં ભેજનું પ્રમાણ 46% અને સાંજે 28% નોંધાયું હતું. વેસ્ટર્ન ડિસ્ટબર્ન્સના કારણે રાજ્યમાં વરસાદ પડ્યો હતો, તેવી જ રીતે ફરીથી નવું વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ આવી રહ્યું છે. હજી પણ માર્ચના અંતિમ દિવસોમાં પારો 40 ડિગ્રી સુધી પહોંચે તેવી સંભાવના વ્યક્ત કરાઈ છે. જ્યારે એપ્રિલના પ્રથમ સપ્તાહથી આકરી ગરમીની આગાહી કરવામાં આવી છે. છેલ્લા થોડા દિવસમાં મજબૂત પશ્ચિમી વિક્ષેપ અને સાયક્લોનિક સર્ક્યુલેશનની સંયુક્ત અસરને કારણે હવામાનમાં પલટો આવ્યો હતો. પરિણામે એકસાથે વરસાદ, તોફાની પવનો અને વાવાઝોડું આવ્યું હતું. વાતાવરણમાં ભેજનું સ્તર વધ્યું હતું. હવામાન વિભાગ મુજબ આગામી બે દિવસ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો નોંધાઈ શકે છે. જે બાદ તાપમાન યથાવત રહેશે. આ સાથે લઘુત્તમ તાપમાનમાં સાત દિવસ સુધી કોઈ મોટો ફેરફાર થવાની શક્યતા નથી. જ્યારે નિષ્ણાંતોના મતે આગામી 28 થી 30 માર્ચ દરમિયાન ગુજરાતમાં ફરી માવઠું થવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ અને ટ્રફ સક્રિય થતા રાજ્યમાં ગાજવીજ અને તેજ પવન સાથે વરસાદ પડી શકે છે. આ માવઠાની સૌથી વધુ અસર દરિયાઈ વિસ્તાર અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં જોવા મળશે. આ કમોસમી વરસાદને કારણે ઉભા પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. નોંધનીય છે કે, માવઠાની અસરને પગલે શહેરમાં ગરમી ઘટી હતી અને તાપમાનમાં પણ ઘટાડો થયો હતો.

આગામી સુનાવણી 7 એપ્રિલના રોજ નક્કી કરાઈ

## બીસીએની અપીલ પર લાઈવ ગુજરાત હાઈકોર્ટમાં સ્ટ્રીમિંગ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

ગુજરાત હાઈકોર્ટમાં બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA)ની ચૂંટણી વિવાદ સંબંધિત મહત્વપૂર્ણ અપીલો પર આજે લાઈવ સ્ટ્રીમિંગ દ્વારા સુનાવણી હાથ ધરાઈ હતી. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ ડી.એન. રેની ડિવિઝન બેન્ચ સમક્ષ કિરણ મોરે સહિત ચાર ઉમેદવારો–અમુલ જીકાર, અનંત ઈન્દુલકર અને અમર પેટીવાલાની અપીલોની વિગતવાર સુનાવણી કરવામાં આવી હતી. કોર્ટે હવે આ મામલાની આગામી સુનાવણી 7 એપ્રિલના રોજ નક્કી કરી છે.

ઉલ્લેખનીય છે કે સિંગલ જજ જસ્ટિસ નિરલ મહેતાએ 16 માર્ચના આદેશમાં 9 વર્ષના કાર્યકાળના નિયમના આધારે આ ચારેય ઉમેદવારોને અયોગ્ય જાહેર કર્યા હતા. આ નિર્ણયને પડકારતા ઉમેદવારોએ ડિવિઝન બેન્ચમાં અપીલ દાખલ કરી હતી, જેના અનુસંધાનમાં આજે વિસ્તૃત દલીલો રજૂ થઈ હતી.

આ સુનાવણીના પરિણામો બીસીએની ચૂંટણી પ્રક્રિયા પર મહત્વપૂર્ણ અસર કરી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આગામી 7 એપ્રિલની સુનાવણી પર હવે ક્રિકેટ વર્તુળો અને સંકળાયેલા ઉમેદવારોની નજર ટકેલી છે.




### રામનવમી નિમિતે પોલીસની ઈન્ટર એજન્સી બેઠક

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

આગામી 26 માર્ચના રોજ રામનવમીના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા શહેર પોલીસ દ્વારા ઈન્ટર એજન્સી કોઓર્ડિનેશન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. પોલીસ ભવન ખાતે યોજાયેલી આ બેઠકમાં પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમારની અધ્યક્ષતામાં વિવિધ વિભાગોના અધિકારીઓ અને પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. આ બેઠકમાં સંયુક્ત પોલીસ કમિશ્નર નિલેશ જાજડીયા, અધિક પોલીસ કમિશ્નર સુધિરકુમાર દેસાઈ તેમજ શહેરના તમામ નાયબ પોલીસ કમિશ્નરો હાજર રહ્યા હતા. ઉપરાંત વીએમસી, બીએસએનલ, એણજીવીસીએલL, આર એન્ડ બી, ફાયર વિભાગ, હેલ્થ વિભાગ અને 108 ઈમરજન્સી સેવાઓ સહિતની વિવિધ એજન્સીઓના પ્રતિનિધિઓએ પણ ભાગ લીધો હતો.

ભાડા સીવાયની કમાણીનો નવો રેકોર્ડ બનાવ્યો

## વડોદરા ડિવિઝનની આવકમાં વધારો, 7.12 કરોડની કમાણી કરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

પશ્ચિમ રેલ્વેના વડોદરા ડિવિઝન, ડિવિઝનલ રેલ્વે મેનેજર, શ્રી રાજુ ભડકેના સક્ષમ માર્ગદર્શન હેઠળ, ભાડા વગરની આવક એનએફઆર ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યું છે, તેના વાર્ષિક લક્ષ્યને વટાવીને અને એક નવો રેકોર્ડ બનાવ્યો છે.

પશ્ચિમ રેલ્વેના જનસંપર્ક અધિકારી, અનુભવ સક્સેના દ્વારા જણાવ્યા અનુસાર વડોદરા ડિવિઝનએ ચાલુ નાણાકીય વર્ષ 2025-26 માં 24 માર્ચ, 2026 સુધીમાં ભાડા વગરની આવકમાં 7.12 કરોડની કમાણી કરી છે, જે રૂપિયા 7.00 કરોડના વાર્ષિક લક્ષ્યને વટાવી ગઈ છે.

આ સિદ્ધિ ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન મેળવેલા 6.92 કરોડના રેકોર્ડને પણ વટાવી ગઈ છે. આ સફળતા ડિવિઝન દ્વારા વિવિધ ભાડા વગરની આવક સ્ત્રોતોના અસરકારક ઉપયોગ અને નવીન પ્રયાસોનું પરિણામ છે.

આ પ્રયાસોમાં રેલ્વે પરિસરનો વાણિજ્યિક ઉપયોગ, જાહેરાત, ફૂડ કોર્ટ અને મુસાફરોની સુવિધાઓનો વિકાસ શામેલ છે. વડોદરા ડિવિઝન ભવિષ્યમાં ભાડા સિવાયના આવકના નવા સ્ત્રોતો વિકસાવીને ભારતીય રેલ્વેની નાણાકીય મજબૂતીમાં યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

સ્થાનિક રાજકારણમાં નવી સરગર્મી : વડોદરામાં ચૂંટણી રસાકસી વધશે

## વડોદરામાં AAPના 24 ઉમેદવારો જાહેર થતાં ભડકો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

આમ આદમી પાર્ટી (AAP) દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે જાહેર કરાયેલ પ્રથમ યાદીમાં સમગ્ર ગુજરાતમાંથી 460થી વધુ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે, જેમાં વડોદરા મહાનગર પાલિકાના કુલ 24 ઉમેદવારોની જાહેરાત કરવામાં આવતા શહેરના રાજકીય વર્તુળોમાં નવી ચર્ચા શરૂ થઈ છે.પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ વિડિયો સંદેશ મારફતે જણાવ્યું હતું કે આ યાદી દ્વારા ગુજરાતમાં નવી રાજનીતિની શરૂઆત થઈ રહી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે હવે માત્ર રાજકીય પરિવારો નહીં પરંતુ સામાન્ય કાર્યકર્તા અને સામાજિક રીતે સક્રિય લોકોને તક આપવામાં આવી રહી છે.ઈસુદાન ગઢવીએ જણાવ્યું કે અત્યાર સુધી ભાજપમાં સાંસદ-ધારાસભ્યના પરિવારોને જ વધુ તક મળતી હતી, જ્યારે સામાન્ય કાર્યકર્તાઓને અવગણવામાં આવતા હતા. પરંતુ આમ આદમી પાર્ટીએ તાલુકાથી લઈને મહાનગરપાલિકા સુધી સામાન્ય લોકોમાંથી ઉમેદવારો પસંદ કરી નવી દિશા આપી છે.તેમણે વધુમાં જણાવ્યું કે પ્રથમ યાદીમાં સામેલ 460થી વધુ ઉમેદવારો સમાજમાં સક્રિય અને જનસેવામાં જોડાયેલા છે, જે સ્થાનિક સ્તરે પરિવર્તન લાવી શકે તેવી ક્ષમતા ધરાવે છે.વડોદરા મહાનગર પાલિકાના 24 ઉમેદવારો જાહેર થતાં શહેરમાં ચૂંટણી માહોલ ગરમાયો છે. રાજકીય વિશ્લેષકોના મત મુજબ, AAP દ્વારા નવા ચહેરાઓને તક આપવાથી પરંપરાગત રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતા છે. AAPએ આશા વ્યક્ત કરી છે કે જાતિ-ધર્મથી ઉપર ઉઠીને જનતા નવી રાજનીતિને સ્વીકારશે અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પાર્ટીને સમર્થન આપશે.

### વડોદરામાં આમ આદમી પાર્ટીમાં મોટું ભંગાણ સર્જાયું

વડોદરાના વોર્ડ નંબર 12 અને 13 ના આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ભારે નારાજગી જોવા મળી છે. કાર્યકરોનો આક્ષેપ છે કે છેલ્લા પાંચ વર્ષથી જે લોકોએ પાયાની મહેનત કરી છે અને પાર્ટીને વડોદરામાં જીવંત રાખી છે, તેમને ટિકિટ આપવાને બદલે અન્ય લોકોને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. આ અન્યાય સામે અવાજ ઉઠાવતા વોર્ડ નંબર 12 ના કાર્યકર વિઠ્ઠલ આહીરે મીડિયા સમક્ષ વાત કરતા ભાવુક થઈ ગયા હતા.વિરોધની રીત પણ અનોખી જોવા મળી હતી. નારાજ કાર્યકરોએ આમ આદમી પાર્ટીના કાર્યાલય ખાતે પહોંચીને, કાર્યાલય બંધ હોવાથી તેના શટર પર પાર્ટીના ખેસ બાંધી દીધા હતા અને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. કાર્યકરોએ જણાવ્યું હતું કે, "અમે 100 ટકા ટિકિટના દાવેદાર હતા, પરંતુ પાર્ટીએ અમારી સાથે દગો કર્યો છે. એટલે અમે ખુશીથી રાજીનામું આપી રહ્યા છીએ."સૂત્રોના જણાવ્યા અનુસાર, વડોદરા શહેર પ્રમુખે પણ રાજીનામું આપ્યું હોવાની વાત વહેતી થઈ છે, જેના પગલે અન્ય કાર્યકરોએ પણ આ કદમ ઉઠાવ્યું છે. કાર્યકરોએ આશંકા વ્યક્ત કરી છે કે પાર્ટી કોઈના દબાણમાં આવીને આ નિર્ણય લીધો હોય તેવું લાગે છે. તેઓએ ઉમેર્યું હતું કે જે ઉમેદવારો જાહેર કરવામાં આવ્યા છે તેઓ ચૂંટણી જીતી શકે તેવી સ્થિતિમાં નથી

### VMCની ચૂંટણીમાં AAPના ઉમેદવારો

| નામ | વોર્ડ નંબર | નામ | વોર્ડ નંબર | નામ | વોર્ડ નંબર |
|---|---|---|---|---|---|
| ચાવડા મંજુલાબેન અશોકભાઇ | 1 | શબનમ ખાલિદમિયાં શેખ | 7 | હિતેશકુમાર પરમાર | 16 |
| સોનિયા અગ્રવાલ | 4 | હેમલ પાઠ | 8 | ભૈયા પ્રીતિબેન | 16 |
| રજનીકાંત પરમાર | 4 | વિશાલ કણજરીયા | 9 | પિંકી ધીરજલાલ | 16 |
| જીજ્ઞેશકુમાર ભીખાભાઇ મોચી | 5 | પંડ્યા સુરેશચંદ્ર | 9 | ગાંગલે વર્ષા કલ્પેશભાઇ | 17 |
| આર્ય ભાવેશ | 5 | સોની ઓઝા | 12 | ભરતભાઇ માહીજીભાઇ રોહિત | 18 |
| રાઠોડ પદ્માબેન | 5 | ચૌહાણ હરીશભાઇ | 12 | વિનય એસ ચવાણ | 18 |
| કૈલાશબેન કંચનભાઇ બારોટ | 5 | સંગ્રામસિંહ વિજયસિહ | 13 | અક્ષયસિંહ જાદવ | 19 |
| અનુપબંશીધર ચતુર્વેદી | 6 | ચૌધરી ગીતાબેન | 13 | જ્ઞાનદીપક શર્મા | 19 |

*રાજકીય વિશ્લેષકોના મત મુજબ, AAP દ્વારા નવા ચહેરાઓને તક આપવાથી પરંપરાગત રાજકીય સમીકરણોમાં ફેરફાર થવાની શક્યતા*

માંજલપુર મુક્તિધામમાં 'મડાગાંઠ'

## કામદારોની હડતાળને પગલે અંતિમ સંસ્કાર માટે આવતા સ્વજનો રઝળ્યા!

( પ્રતિનિધિ ) વડોદરા,તા.24

શહેરના વોર્ડ નંબર 18માં આવેલા માંજલપુર મુક્તિધામ ખાતે આજે ગંભીર સ્થિતિ સર્જાઈ હતી. અહીં કોન્ટ્રાક્ટ પર કામ કરતા 10 થી 11 જેટલા કામદારોએ છેલ્લા બે મહિનાથી પગાર ન મળવાને કારણે અચાનક હડતાળનું શસ્ત્ર ઉગામ્યું છે. કામદારોની આ હડતાળને કારણે મુક્તિધામમાં અંતિમ સંસ્કાર માટે આવતા મૃતકોના સ્વજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. હડતાળ પર ઉતરેલા કામદારોના જણાવ્યા અનુસાર, કોન્ટ્રાક્ટર દ્વારા તેઓને છેલ્લા બે મહિનાથી પગાર ચૂકવવામાં આવ્યો નથી. વારંવાર રજૂઆત કરવા છતાં કોન્ટ્રાક્ટર દ્વારા માત્ર વાયદાઓ આપવામાં આવે છે. કામદારોએ આક્ષેપ કર્યો છે કે તેમને મળવાપાત્ર પગારમાંથી પણ અમુક રકમ 'કમિશન' પેટે કાપી લેવામાં આવે છે. એક કર્મચારીએ જણાવ્યું કે, "અમારો સિક્યુરિટીનો પગાર 14,900 છે, જેમાંથી 2,900 રૂપિયા કાઢીને પરત આપી દેવા પડે છે." કામદારોએ પોતાની વ્યથા ઠાલવતા કહ્યું કે, બે મહિનાથી પગાર ન મળવાને કારણે ઘરનું ભાડું ભરવું, ખાવા-પીવાની વ્યવસ્થા કરવી અને પેટ્રોલના પૈસા કાઢવા પણ મુશ્કેલ બની ગયા છે. કામદારોની મુખ્ય માંગ છે કે દર મહિનાની 1 થી 7 તારીખ વચ્ચે તેમને નિયમિત પગાર મળી જાય અને પીએફ સહિતના અન્ય લાભો પણ આપવામાં આવે. મુક્તિધામમાં કામદારો હાજર ન હોવાને કારણે અંતિમ વિધિ માટે આવતા લોકો મુશ્કેલીમાં મુકાયા છે. મૃતદેહ લઈને પહોંચેલા પરિવારોને કામદારોની ગેરહાજરીમાં હાલાકી વેઠવી પડી રહી છે. કામદારોનું કહેવું છે કે જ્યાં સુધી તેમનો બાકી પગાર અને અન્યાયી કપાતનો ઉકેલ નહીં આવે ત્યાં સુધી તેઓ કામ પર પરત ફરશે નહીં. હાલમાં આ મામલે કોર્પોરેશનના સત્તાધીશો કે કોન્ટ્રાક્ટર તરફથી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા સામે આવી નથી.

